મુક્તિ માર્ગના

નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તિ કૃપા


વર્ષ ૩૧

અંક ૦૩

મે ૨૦૨૩

**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૨૩



**શ્રી મુક્તિશ્રીજી મ.સા.**

**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણા - માર્ગદર્શન :**



**પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.**


**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી

**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી




સંસ્થાપક :
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી


**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઇન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.

**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)


વર્ષ ૩૧ | અંક ૩

## વિષયાનુક્રમ


૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી.૦૧
૨. જગતગુરૂ તારો પરમ દયાલ..............૦૪
૩. ભગવતી..............................૦૭
૪. તાલધ્વજગિરિ.........................૦૯
૫. જયલક્ષ્મી બાગ.......................૧૦
૫. CHILDREN'S CORNER.............૧૪
૬. શોધી લે જીવનનો સાર..................૧૬
૬. જ્ઞાન સુધારસ પીજે.....................૨૦
૮. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા..................૨૨




**પ્રેરણા - માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડો. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન -
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

### અગત્યની સુચના :
### સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ‘‘મુક્તિ કૃપા’’માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ‘‘મુક્તિ-કૃપા’’ ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ‘‘મુક્તિ-કૃપા’’માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.

**લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**


**NARANJI KANJI CHARITABLE TRUST,**
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

## શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઈ દંડ વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઈ ઉંમરશી માલશીના સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા સુથરી
૫. ટોકરશી દામજી ઘરમશી જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા સાંધવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઈ છેડા હ : પુષ્પાબાઈ ચીમનલાલ છેડા કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે હ : પ્રતાપ માણેકજી શાહ હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે હઃ શા પ્રફુલ નરશી લોડાયા નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઈ નરશી સોની સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા (ઉર્ફે બાબુભાઈ શેઠ ગુંદરવાળા) ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા) નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઈ એમ. છેડા માટુંગા-મુંબઈ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી મુંબઈ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક ગૃહ ઉદ્યોગ કેન્દ્ર હુબલી
૨૮. બેન નવલબાઈ હંસરાજ લોડાયા હઃ જયાબાઈ ગુલાબચંદ ડાઘા પારોલા
૨૯. બાઈ લક્ષ્મીબાઈ દામજી પોલડીયા ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઈ તથા નિલમબેનના વર્ષીતપ અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઈ ઝવેરચંદ મોમાયા સાહેરા ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઈ નવીનચંદ સોનાવાલા બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ઘરમશી હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઈ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઈશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઈ કેશવજી મોમાયા – મુંબઈ હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઈ સુમતિચંદ લોડાયા– નાસિક
૪૨. શ્રીમતી દમયંતી શિવજી દંડ – મુલુંડ (વે.) – સેવક ભરૂડીયા

### જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઈ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

**લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

**NARANJI KANJI CHARITABLE TRUST,** 2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX, KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મુક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

# શ્રી શત્રુંજય એકેડમી

## સંચાલિત

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ જી. જલગામ, મહારાષ્ટ્ર- ૪૨૪ ૧૦૧.

**શુભાશીર્વાદ**

શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**દિવ્યકૃપા**

આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

- મળેલા માનવભવને સફળ કરવા...
- મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...
- જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા..
- સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..
- જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi — Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.


**સંપર્ક સૂત્ર**

સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા

શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ

મોંઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.

Mo. 76204 81883

**સંપર્ક સૂત્ર**

SHILPA AJANI

MUMBAI

Mo. 9821113338

Email : shilpaajani1@gmail.com

**સંપર્ક સૂત્ર**

લતાબેન વીકમશી

૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,

મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

Mo. 9323944117.

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

# અર્હતની આંગળીયે

## વીતરાગ પથિકોને વિનયવંદન!!!

છેલ્લા લગભગ એક અઠવાડિયાથી, સોશિયલ મીડિયા ઉપર ચારેય કોર, એક સત્ય કથા સતત ચમકી રહી છે: "એક સાધ્વીજી નું અકલ્પનીય પારણું!" મહારાષ્ટ્રના એક શહેરમાં બે વર્ષની સાધવી પર્યાય ધરાવતા એક બત્રીસ વર્ષીય સાધ્વીજીએ ૪૯ આયંબિલ અને ૨ ઉપવાસ એમ કુલ ૫૧ દિવસનું તપ કર્યું. તા. ૭મી ના તેમનું પારણું હતું પણ તપના અંતે, તા. ૬ એપ્રિલે, તેમણે અભિગ્રહ લીધો કે, જે દંપતી મને પારણું કરાવે તેમણે આર્ય સંસ્કૃતિ પ્રમાણેના વસ્ત્ર પરિધાન કર્યા હોવા જોઈએ,

જ્યારે તેઓ મને ગોચરી વહોરાવે ત્યારે મારા પાત્ર પર સૂર્યના કિરણો પડતા હોવા જોઈએ અને જે વાસણમાંથી ખાદ્યપદાર્થ વહોરાવવામાં આવે તે ઊંધું હોવું જોઇએ.

જ્યાં સુધી આ બધા અભિગ્રહો પૂર્ણ ન થાય ત્યાં સુધી આયંબિલ કરવું - પારણું કરવું નહીં.

તારીખ ૧૬ એપ્રિલ સુધી તેમના આ અભિગ્રહો પૂરા થયા નહીં અને તેમણે દસ વધુ આયંબિલ કર્યા. તા. ૧૭ એપ્રિલે નજીકના એક સંઘમાં સિદ્ધચક્ર પૂજન હોવાથી તે તપસ્વી સાધવી અન્ય સાધ્વીઓ સાથે ત્યાં નિશ્રા માટે ગયા. પૂજન બાદ એક ગૃહિણીએ મુખ્ય સાધવી ભગવંતને અનુરોધ કર્યો કે, " આપ અમારે ત્યાં ગોચરી માટે પધારી અનુગ્રહ કરશોજી." પોતાની તપસ્વીની શિષ્યાને લઈ ગુરુમા તે ગૃહિણી ને ઘેર ગોચરી માટે પધાર્યા. સિધ્ધચક્ર પૂજન માં હાજરી આપી હોવાને કારણે તે સન્નારી તથા તેમના પતિ બંનેએ ભારતીય વસ્ત્રો જ પહેર્યા હતા. રસોડામાં તે વખતે તડકો પણ આવી રહ્યો હતો અને પાત્ર ઉપર સૂર્યકિરણો પડી રહ્યા હતાં. પણ સાધ્વીજીનો ત્રીજો અભિગ્રહ બબ્બે વાર પૂરો થતાં-થતાં રહી ગયો. બંને સાધ્વીજીઓ બહાર નીકળી રહ્યા હતાં ત્યાં જ શ્રાવિકાએ પૂછ્યું, "સાહેબ, મગફળીની ચટણી કલ્પશે કે?" સાધ્વીજીએ 'હા' કહી. ગૃહિણીએ બરણીમાં ચોંટી ગયેલી ચટણી, ખીચું રાંધેલા ચમચાની ઊંધી બાજુએથી કાઢી. ઊંધા ચમચાથી વહોરાવેલ ચટણી દ્વારા સાધ્વીજીનો ત્રીજો અભિગ્રહ પૂર્ણ થયો.

અહીં કવિ 'દિનકર'ની અર્થગંભીર પંક્તિઓ યાદ આવી જાય છે:

"प्रण करना है सहज, कठिन है लेकिन, उसे निभाना,
सबसे बड़ी जांच है व्रत का अंतिम मोल चुकाना।
अंतिम मूल्य न दिया अगर, तो और मूल्य देना क्या?
करने लगे मोह प्राणों का - तो फिर प्रण लेना क्या?

नरता का आदर्श तपस्या के भीतर पलता है,
देता वही प्रकाश, आग में जो अभीत जलता है।
आजीवन झेलते दाह का दंश वीर- व्रतधारी,
हो पाते तब कहीं अमरता के पद के अधिकारी।"

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ સંકલ્પ અથવા વિશેષ વ્રત લઈ, ધ્યેય પ્રાપ્ત કરવાની શરત સાથે ખોરાક, પાણી વહોરવામાં મર્યાદા બાંધવી, એટલે કે નક્કી કરલી શરતો પૂરી થાય તો જ અન્ન/જળ લેવું અન્યથા નહિં, એવી લીધેલ પ્રતિજ્ઞા અથવા એ જાતના સ્વયંસ્વિકૃત નિયમને અભિગ્રહ કહેવાય છે. અભિગ્રહ

મુખ્યત્વે બે પ્રકારના હોઈ શકે છે:

* સાવધિ-"ચોક્કસ સમય સુધીમાં મારા અભિગ્રહ પૂરા થઈ જાય, નહીં તો હું બે-ત્રણ પોરસી પછી પારણા કરીશ, નહીં તો ઉપવાસ કરીશ" એ પ્રમાણેનો અવધી બાંધીને કરવામાં આવેલો અભિગ્રહ તે સાવધિક અભિગ્રહ કહેવાય.

* નિરાવધિ – નિરાવધિ એટલે કે જ્યાં સુધી અભિગ્રહ ફળીભૂત ન થાય ત્યાં સુધી આહાર ન લેવો, જેમ કે ભગવાન મહાવીરે ૬ મહિના અને ૫ દિવસ સુધી આહાર લીધો ન હતો, તેમણે કોઈ નિશ્ચિત અવધિ માનસિક રીતે નક્કી કરી નહોતી.

અભિગ્રહ એ કઠોરતમ તપની કળા છે. રત્નચિંતામણી જેવો દુર્લભ માનવ ભવ એળે ન જાય તે માટે આ કળા આપણે સહુએ કેળવવી જોઈએ. તેથી જ હરિભદ્રસુરી મહારાજ ઉપદેશપદમાં કહે છે કે, " મુમુક્ષુ આત્માઓ એક ક્ષણ પણ અભિગ્રહ વિનાનું જીવન જીવી શકતા નથી."

- જીવનમાં ધીરજનો ગુણ જરૂરી છે અને તેના માટે વ્યક્તિએ અભિગ્રહની આરાધના કરવી જોઈએ.
- અભિગ્રહની આરાધનાથી મનનાં સંકલ્પ-વિકલ્પોને બ્રેક લાગે છે.
- ભોગવૃત્તિના ઉછાળા ધીરે-ધીરે શમે છે.
- કર્મ ક્ષયની ગતિ વેગ પકડે છે.
- મન વચન કાયાની સકારાત્મક શક્તિઓનો વિકાસ થાય છે.

ઉપરોક્ત કવિતામાં વર્ણવ્યા મુજબ ભવ્ય જીવો જાવજ્જીવ ઘોરાતીઘોર અભિગ્રહ પાળી પરમપદને પામે છે. અભિગ્રહની આરાધના એક જીવ ને કઇ રીતે મોક્ષસિદ્ધિના દ્વાર સુધી લઈ જાય છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે 'ઢંઢણમુનિ'.

વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર ભગવાન શ્રી અરિષ્ટનેમીના સમયમાં એક ઢંઢણ મુનિ હતા. તેઓ ભગવાનના પિતરાઈ ભાઈ વાસુદેવ શ્રી કૃષ્ણ અને તેમની રાણી "ઢંઢણા"ના પુત્ર હતા. ભગવાનનો ઉપદેશ સાંભળીને તેઓ નાની ઉંમરે જ સંસારથી વિમુખ થઈ ગયા અને પ્રભુ પાસે દીક્ષા લીધી. તેમના સ્વાભાવિક, નમ્ર અને નરમ સ્વભાવને કારણે તેઓ દરેકને પ્રેમ અને આદર આપતા હતા. કઠોર તપસ્યા કરતાં-કરતાં તેમણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

પરંતુ થોડા સમય પછી, તેમના આગલા ભવ ના અંતરાયો ઉદયમાં આવ્યા અને તેમને ક્યાંય ભિક્ષા મળતી નહીં. તેમના અંતરાય કર્મો એટલા બળવાન હતા કે તેમની સાથે ગયેલા અન્ય સાધુઓને પણ ખાલી હાથે પાછા ફરવું પડતું હતું. ઋષિમુનિઓએ ભગવાન અરિષ્ટનેમિની સમક્ષ પોતાની જિજ્ઞાસા રજુ કરતા પૂછ્યું, " ભગવાન, તમારા શિષ્ય અને ત્રિખંડાધિપતિ વાસુદેવ શ્રી કૃષ્ણના પુત્ર હોવા છતાં, ઢંઢણ મુનિને નગરના કોઈ પણ લોકો પાસેથી - સૌથી વધુ પવિત્ર ભક્તો પાસેથી પણ ભિક્ષા કેમ પ્રાપ્ત થતી નથી?" ભગવાને જવાબ આપતાં મુનિના આગલા ભવની વાર્તા કહી - "તેમના પાછલા જન્મમાં તેઓ બ્રાહ્મણ હતા અને રાજાની આજ્ઞાથી તેમના ગામના કૃષિ નિરીક્ષક હતા. સ્વભાવે કઠોર હોવાને કારણે તેઓ રાજાના ખેતરમાં કામ કરતા ખેડૂતોને સખત મહેનત કરાવતાં અને જ્યારે ખાવાનો સમય થાય ત્યારે પણ રજા આપ્યા વિના કામ કરાવતા રહેતાં. થાકેલા બળદ અને ખેડૂતો દ્વારા ખેતરમાં ખેડાણ કરાવતાં. આ કુકર્મના પરિણામે તેમને અંતરાય કર્મનો સખત બંધ થયો છે. આ વિઘ્નને કારણે, તેમને ઈચ્છવા છતાં પણ ક્યાંય ગોચરી મળતી નથી.

ભગવાનના મુખેથી આ સાંભળીને, ઢંઢણ મુનિને તેમના ભૂતકાળના દુષ્કર્મોનો ભારે પસ્તાવો થયો. પ્રભુની અનુમતિ લઈને તેમણે અભિગ્રહ લીધો કે "હું મારા દુષ્કર્મોને ભોગવી લઈ તેમનો નાશ કરી નાખીશ અને બીજાને મળેલું અન્ન ક્યારેય નહીં લઈશ." અંતરાયને કારણે તેમને ભિક્ષા મળતી નહીં અને

અભિગ્રહ ને કારણે તેઓ અન્ય મુનિ દ્વારા લાવેલી ભિક્ષા સ્વીકારતા નહીં. આ રીતે તેમની તપસ્યા લાંબા સમય સુધી ચાલતી રહી.

એક દિવસ જ્યારે શ્રી કૃષ્ણ તીર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળવા આવ્યા ત્યારે તેમણે ભગવાનને પૂછ્યું કે તેમના સાધુઓમાં સૌથી વધુ સખત તપ કોણ કરે છે? જવાબમાં શ્રી કૃષ્ણ, ભગવાન તરફથી ઢંઢણ મુનિના કઠોર તપ વિષે સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા. જ્યારે તેઓ પાછા ફરતા હતા ત્યારે તેમણે ઢંઢણ મુનિને દ્વારકા શહેરના માર્ગ પર ગોચરી માટે જતા જોયા. તેઓ તરત જ પોતાના હાથી પરથી નીચે ઉતર્યા અને ઢંઢણ મુનિને ખૂબ જ ભક્તિભાવથી પ્રણામ કર્યા. ત્યાં નજીક ઉભેલા એક શ્રેષ્ઠીએ આ બધું જોયું અને વિચારવા લાગ્યા કે ધન્ય છે આ ઋષિ જેની શ્રીકૃષ્ણ સ્વયં ભક્તિથી પૂજા કરે છે. યોગાનુયોગ ઢંઢણ મુનિ એ જ શ્રેષ્ઠીના ઘરે ભિક્ષા માટે આવ્યા અને તે શ્રેષ્ઠીએ ખૂબ આદરપૂર્વક પાત્રમાં લાડુ વહોરાવ્યા. જ્યારે ઢંઢણ મુનિ ગોચરી લઈને ભગવાન પાસે પાછા ફર્યા ત્યારે તેમણે ભગવાનને પૂછ્યું કે, "પ્રભુ, શું મારા અંતરાય કર્મોનો નાશ થયો છે જેના કારણે આજે મને ભિક્ષા મળી છે?" પ્રભુએ તેમને કહ્યું કે તેમનું અંતરાય કર્મ હજી ઓછું થયું નથી અને આ ભિક્ષા તેમને શ્રી કૃષ્ણના નમસ્કારથી પ્રભાવિત થઈને શ્રેષ્ઠીએ આપી હતી. શ્રી કૃષ્ણના પ્રભાવથી જ તેમને આ ભિક્ષા મળી હતી.

આ સાંભળીને લાંબા સમયથી તપસ્યા કરી રહેલા ઢંઢણ મુનિને ભિક્ષા પ્રત્યે રાગનો રંચ પણ ન રહ્યો અને પોતાના અભિગ્રહને લીધે તે લાડુને અગ્રાહ્ય ગણીને તે અચિત્ત ભૂમિમાં પરઠવવા ગયા. તે સમયે તેમનું મન શુભ ભાવનાઓમાં સ્થિર થઈ ગયું અને તેઓ વિચારવા લાગ્યા, "ઓહ! બાંધેલા કર્મોનો નાશ કરવો કેટલું મુશ્કેલ અને દુર્ભર છે! મોહમાં ફસાઈને, ખોટા કાર્યો કરતી વખતે, માણસ વિચારતો નથી કે તેણે એક યા બીજા દિવસે તેનું પરિણામ ભોગવવું પડશે."

તેમના આ વિચારો શુદ્ધ ધ્યાનમાં પરિવર્તિત થયા અને તેમના ચારેય ઘાતક કર્મોનો નાશ કરીને તેમણે કેવળ જ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કર્યા. એ જ ક્ષણે આકાશમાં દેવ દુંદુભિઓ રણકવા લાગ્યા. ઢંઢણ મુનિ ભગવાન પાસે પાછા ફર્યા અને ભગવાનની પૂજા કરીને કેવલી પરિષદમાં બેઠા. આમ ઢંઢણ મુનિએ પોતાના અંતરાય કર્મ જ નહીં પણ તમામ આઠ કર્મો કાપીને મોક્ષનો અખૂટ આનંદ મેળવ્યો. ધીરજ અને સમતા સાથે તેઓએ અંતરાયોને ભોગવી લઈ, ભિક્ષાના ક્ષુલ્લક આનંદને બદલે મોક્ષના અનંત આનંદ પ્રાપ્ત કરીને પોતાનું જીવન સફળ બનાવ્યું.

અંતરની આંખડી ઊઘડ્યા પછી એક પળ પણ ગુમાવ્યા વગર પશ્ચાતાપ, પ્રાયશ્ચિત અને પુરુષાર્થ વડે પોતાનું જીવન સફળ કરી લેનાર ઢંઢણ મુનિ જેવા જીવ વિરલા જ હોય છે! માટે જ "દિનકરજી"એ ગાયું છે કે:

**"सस्ती कीमत पर बिकती रहती जब तक कुर्बानी,**
**तब तक सभी बने रह सकते हैं त्यागी, बलिदानी।**
**पर, महंगी में मोल तपस्या का देना दुष्कर है,**
**हंस कर दे यह मूल्य, न मिलता मनुष्य वह घर घर है।**

**तब भी रेखा प्रकाश की जहां कहीं हँसती है,**
**वहाँ किसी प्रज्वलित वीर नर की आभा बसती है।**
**जिसने छोड़ी नहीं लीक विपदाओं से घबरा कर,**
**दी जग को रौशनी टेक पर अपनी जान गंवाकर।"**

તીર્થંકરોની મહાન તપ પરંપરાને ઉજમાળતા અને આગળ ધપાવતાં ઢંઢણ મુનિ અને અભિગ્રહ ધરાવતા સાધુ સાધવી સંતોના પાવન આત્માઓને કોટી-કોટી વંદન!!!!

**શાસનની શાક્ષીએ ત્રિયોગે મિચ્છામી દુક્કડમ**

**શિલ્પા અજાણી**

**૨૩/૦૪/૨૦૨૩**

# જગતગુરુ તારો પરમ દયાલ

જન્મ મરણના ચક્રમાં અનાદિ કાળથી ભમતાં આ જીવના અપૂર્વ પુણ્યનું પ્રભાત જાગ્યું.. મનુષ્યજન્મ , આર્યક્ષેત્ર એવં પરમકૃપાળુ પરમાત્મા મહાવીરનું શાસન મળ્યું... પ્રભુ ભકિતના ભાવ સાથે પ્રભુ પ્રતિમાનું પ્રબળ આલંબન પ્રાપ્ત થયું... પડતા કાળમાં ઉપર ચડવાનું પગથિયું મળ્યું.. ભક્ત ભગવાનને નિહાળી ધન્ય ધન્ય બની જાય છે.

**ભવ અનંતા, તુજ વિના માહરા નિષ્ફળ ગયા;**
**દર્શ તારું આજ પામી, નયન મુજ સફળા થયા.**
**મન થકી તું ના ખસે, સ્વપ્નમાં પણ તું દિસે... એવું દે વરદાન.**

પ્રભુ ! આપના દર્શન વિના અનંત અનંત ભવ નિષ્ફળ ચાલ્યા ગયા... ક્યાં ક્યાં ભટક્યો ? નરક ને નિગોદમાં...

ત્રસ અને થાવરમાં....
પશુ અને પંખીમાં...
માનવ બની અનાર્યક્ષેત્રમાં...

હવે પ્રભુ ભમી ભમીને થાકી ગયો છું... એટલે જ આપના ચરણોમાં આવી પહોંચ્યો છું... એટલે જ એક જ અરજી કરું છું...

**જગતગુરુ તારો પરમ દયાલ...**
**જન્મ-મરણ જરાદિ દુઃખ જલ,**
**ભવ સમુદ્ર ભયાલ... જગતગુરુ...૧**

હે દેવાધિદેવ ! હે જગત ગુરુ ! તારો... મને તારો... આપ પરમ દયાળું છો.... કૃપાળું છો હું જન્મ... જરા... મૃત્યુના દુઃખથી પીડા પામેલો છું...થાકેલો હારેલો છું. જ્યાં સંસાર છે ત્યાં જન્મ-મરણ છે. જન્મ દુઃખમય છે તો મૃત્યુ એનાથી વધારે ભયાનક છે. જન્મ અને મરણની પીડાની પાછળ પણ આસકિત-મોહ રાગનું રહસ્ય છે. જ્યાં જ્યાં આસક્તિ કરી ત્યાં ત્યાં ઉત્પત્તિ થઇ. જો આસક્તિ ટળી જાય... ક્યાંય આસક્તિ ન રહે તો ઉત્પત્તિનો પ્રશ્ન જ આવતો નથી. જ્યાં જન્મ છે ત્યાં જરા પણ છે અને મૃત્યુ પણ છે. પ્રભુ ! આપ આસક્તિથી પર થયા... આળગા થયા તેથી જ જન્મ મરણના ચક્રમાંથી મુક્ત થયા. આપનું બિરૂદ છે **मुत्ताणं-मोअगाणं ।** આપ મુક્ત થયા છો.... બીજાને મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવો છો. એટલે જ આપની પાસે જન્મ-મરણના મુક્તિની ભિક્ષા લેવા આવ્યો છું. પ્રભુ ! આ ભવસમુદ્ર અત્યંત ભયાનક છે. રાગ અને દ્વેષ, મોહ અને માયા, ક્રોધ અને માન રૂપી ભયાનક જલચરો આ પાવન -પવિત્ર ભવજલને કલુષિત કરી રહ્યા છે. મને આ બધામાંથી બચાવી લ્યો. એટલે જ આગળ જણાવે છે-

**દીન અત્રાણ, અશરણ મે હું,**

**તું ત્રિભુવન ભુપાળ... જગતગુરુ.... ૨**

હે પ્રભુ ! હું દીન છું, આપ શ્રી દીનદયાળુ છો...

હું અત્રાણ છું... આપશ્રી સર્વ જીવ ત્રાણ છો....

હું અશરણ છું... આપશ્રી શરણદયાણં છો.

હું પામર છું... આપશ્રી તો પરમ દયાળુ છો.

મારા ઉપર દયા-કૃપા વરસાવો... મારા આસક્તિના બંધનોને ક્ષીણ કરજો... આપશ્રી તો ત્રિભુવન ભુપાળ છો... ત્રણ ભુવનના રાજા છો...

તરવાની શક્તિ નથી.. પરંતુ ભક્તિની શક્તિ અદ્ભૂત છે... આ ભક્તિના સથવારે જ ભવસમુદ્ર તરવાની ઇચ્છા છે.આપશ્રીના '**शरणदयाणं**' નામના વિશેષણ ઉપર મારી નજર છે. આપશ્રીના શરણે જે આવ્યા એમનો બેડો પાર છે. એટલે જ સ્તવનકાર કહે છે-

**સ્વામિ તેરે શરણમેં આયો,**

**કૃપા નયન નિહાળ... જગતગુરુ.... ૩**

એકદા એક મંદિરમાં મેળો ભારાયો હતો.. આજે મંદિરમાં ઘણી જ ભીડ હતી. આજુ બાજુના ગામોથી પણ પ્રભુ ભક્તો સારી સંખ્યામાં આવ્યા હતા. પ્રભુ દર્શનની સહુને પ્યાસ હતી. બધા ભગવાનના દર્શન માટે લાઇનમાં ઉભા હતા ત્યાં એક પ્રજ્ઞાચક્ષુ દાદા આવ્યા. પ્રભુ દર્શનની લાઇનમાં શાંતિથી ઉભા રહ્યા. માણસો વધતા જતા હતા. મંદિરમાં પ્રવેશવા બધા અધીરા બન્યા હતા. ધક્કા-મુક્કી થવા લાગી. ત્યાં એક ભાઇનો જોરદાર ધક્કો પેલા પ્રજ્ઞાચક્ષુ દાદાને લાગ્યો... દાદા નીચે પડી ગયા. ફરી શાંતિથી ત્યાં જ ઉભા રહ્યા. દાદાને દોરનાર ભાઇએ ધક્કો મારનાર ભાઇને ટકોર કરી દાદાને દેખાતું નથી તેમને તો દેખાય છે ને ? જરા સંભાળજો. ત્યાં બીજા ભાઇ બોલ્યા- ''દેખાતું નથી તો અહીં કેમ આવ્યા છે ? એમને ક્યાં ભગવાનના દર્શન થવાના છે ?''

દાદા હજી પણ શાંત હતા... જ્યાં આ ચર્ચા વધારે થઇ ત્યાં દાદાએ શાંતિથી જવાબ આપતા કહ્યું-''ભાઇ તમારી બધાની વાત સાચી છે મને ચર્મચક્ષુથી ભગવાનના દર્શન નહીં થાય. પરંતુ ભગવાની દૃષ્ટિતો મારા ઉપર પડશે ને ? બસ પરમાત્માની નજર જેના ઉપર પડે એને પ્રભુ કૃપા મળે...ફળે એનો બેડો પાર છે. એનું જીવન સફળ છે.એનું આત્મકલ્યાણ નિશ્ચિત છે બસ ! પ્રભુ મને કૃપા નજરથી નિહાળે એ માટે જ અહિં આવ્યો છું.''

શું આપણે પ્રભુ દર્શન સાથે પ્રભુ કૃપા પામવા પ્રયત્ન કરીએ છીએ ? અહીં સ્તવનકાર કહે છે- હે નાથ ! હું આપના ચરણની શરણાગતિ સ્વીકારું છું. બસ ! આપ મને કૃપા નજરથી નિહાળો આપની કૃપા પામી અનેકાનેક જીવો આ ભયાનક ભવસાગર તરી ગયા છે... જન્મ-મરણના ફેરામાંથી મક્ત બન્યા છે...

પરમાત્માતો અધો, ઉર્ધ્વ અને મધ્ય એમ ત્રણ લોકના, ત્રણ ભુવનના નાથ છે... ત્રિભુવન ભુપાળ છે પરંતુ સાથે સાથે જગતના ગુરુ પણ છે. જગતના માર્ગદર્શક છે... મોક્ષમાર્ગ દર્શક-દાયક છે.

ભાવથી પ્રભુ શરણમાં જનાર સુખ-શાંતિ-સમૃદ્ધિનો સ્વામિ બને છે.

**કૃપા નાથ! અનાથ પીહર**

**ભવ ભ્રમણ ભય ટાલ... જગતગુરુ...૪**

હે કૃપાસાગર ! હે કૃપાનાથ ! આપ મારા ઉપર કૃપા વરસાવો ... હું અનાથ છું... આપ અનાથોના નાથ છો... અનાથોના પીયર છો.... અનાથોના માતા-પિતા અને સર્વસ્વ છો. પ્રભુ માતાના ખોળામાં જેમ બાળક નિર્ભય છે તેમ ભક્ત ભગવાનના ચરણ અને શરણમાં નિર્ભય છે હે પરમાત્મા !મને એક માત્ર ભય સતાવે છે... એ ભય છે ભવભ્રમણનો. જ્યારે જીવનનું સત્ય સમજાયું. ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિના ચક્કર સમજાયા.. નરક અને નિગોદની વેદના દુઃખો સમજાયા... તિર્યંચ ગતિની પરાધીનતા નિહાળી...પ્રભુ ! હું અત્યંત ભય પામ્યો છું... નથી કરવું ભવભ્રમણ... નથી કરવા આવા જન્મ-મરણ- નથી ભટકવું આવી ગતિઓમાં... ભવભ્રમણના ભયથી ધ્રુજી ઉઠયો છું. આમાંથી બચવાનો એક માત્ર માર્ગ છે આપનું શરણ... આપ જ મારા નાથ છો... આપ જ મારી અનાથતાનું નિવારણ કરવા સમર્થ છો... એટલે જ આપને વિનંતિ, પ્રાર્થના કરું છું. હે દેવાધિદેવ! મારા ભવભ્રમણના ભયનું નિવારણ કરી મને અભય બનાવો.

**સમય સુંદર કહત હૈ સેવક,**

**શરણાગત પ્રતિપાલ... જગતગુરુ....૫**

પૂજ્યપાદ સમયસુંદરસૂરિ મહારાજ કહે છે-હે પ્રભુ ! હું તો આપનો સેવક છું... આપ મારા સ્વામિ છો... પ્રભુ આપ તો શરણાગત પ્રતિપાલ છો. શરણે આવેલાનું પાલન-પોષણ કરનારા છો... શરણે આવેલા પારેવાના રક્ષણ માટે શ્રી શાંતિનાથ પ્રભુના જીવે પોતાના પ્રાણોને હોડમાં મૂકયા હતા... હે અરિહંત ! આપના આવા ગુણોને જાણીને જ તો મેં આપની શરણાગતિ સ્વીકારી છે હવે હું નિશ્ચિંત થયો છું. મારા સર્વ ભય-દુઃખ દૂર ટળી ગયા છે.. આપ જેવા નાથ મળ્યા પછી મને તલમાત્ર પણ ચિંતા નથી.

બસ આપનું જ શરણ છે....
અરિહંતનું જ સ્મરણ છે...
અરિહંતનું જ રટણ છે...
અરિહંતનું જ ધ્યાન છે...
રોમે રોમે અરિહંત છે...
શ્વાસે શ્વાસે અરિહંત છે...
લોહીના કણકણમાં અરિહંત છે...
જીવનની હર ક્ષણમા અરિહંતની હાજરી છે...

આવા અરિહંત મય જીવનના સ્વામિ બની માનવ જીવનને સફળ બનાવીએ...

# ભગવતી

બિહાર પ્રાંત....

એક જિલ્લાનો શાસક મિરજા...

એકદા તે પોતાના સિપાઇઓની સાથે નાવમાં બેસી ગંગામાં નૌકાવિહાર કરવા નિકળ્યો હતો... ફરતાં ફરતાં એની નાવ એક ગામના કિનારે પહોંચી. ત્યાં ઘાટ પર ગામની કેટલીક બાળાઓ આનંદમાં સ્નાન ક્રીડા કરી રહી હતી... મિરજાએ ત્યાં નાવ થંભાવી.

મુસલમાન સૌનિકોનેજોઇ બધી બાળાઓ ફટાફટ ભયભીત થઇ પોતપોતાના ઘરે નાસી ગઇ. આ બાળાઓમાં એક બાળા અત્યંત રૂપવાન હતી... સુંદર હતી... મિરજાની દૃષ્ટિ એના ઉપર પડી ગઇ...

માનવી જ્યારે વાસના પીડીત બને છે... સંયમ ગુમાવે છે ત્યારે વિવેક એના જીવનમાંથી વિદાય લઇ લે છે. ગમે તે રીતે રૂપવાન બાળાને પામવા મિરજા અધીરો બની જાય છે. મિરજાએ નાવ કિનારે છોડી આસપાસ તપાસ કરતાં જાણકારી મળી કે પેલી સુંદરબાળા આ ગામના ઠાકુર હોરિલસિંહની બહેન છે અને તેનું નામ ભગતવી છે.

મિરજાએ હોરિલસિંહને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું - ''હોરિલસિંહ હું તમારી બહેનને બેગમ બનાવા ઇચ્છું છું. તેના બદલામાં તમને પાંચ હજાર સોનામહોર  અને મોં માંગી જાગીર આપીશ.

આવી અપમાન જનક વાત સાંભળી હોરિલસિંહની આંખો ક્રોધથી લાલ લાલ થઇ ગઇ. તે ઘૂરક્યો- '' બસ, ચૂપ રહે, શયતાન ! એવી વાત જો તારા મુખમાંથી ફરી નીકળશે તો તારી જીભ કાપી લઇશ.''

એ ક્ષણે તો ભયનો માર્યો મિરજા પાછળ હઠી ગયો. પરંતુ એના એકજ ઇશારે એના સૈનિકોએ હોરિલસિંહને ઘેરી લીધો. ઘણા સમયની ઝપાઝપી પછી તેઓને હોરિલને પકડવામાં સફળતા મળી. હોરિલસિંહના હાથ-પગ-બાંધી એને નાવમાં નાંખી દેવામાં આવ્યો.

વાયુવેગે વાત ગામમાં ફેલાઇગઇ સમાચાર હોરિલસિંહના ઘરે પણ પહોંચ્યા. હોરિલસિંહની સ્ત્રી રડવા લાગી... માથું કૂટવા લાગી... ભગવતીને અપશબ્દો કહેવા લાગી... ''તું શા માટે ઘાટ ઉપર સ્નાન કરવા ગઇ ? હવે મારું તો સર્વસ્વ લુંટાઇ ગયું... પણ તેમાં તારે શું ?

હિંમત ધારણ કરી ભગવતીએ પોતાની ભાભીને કહ્યું- ''ભાભી, શાંત થાઓ... ચિંતા ના કરો... હું હમણાં મારા ભાઇને ઘેર મોકલું છું.''

ભાભીને સાંત્વના આપી કોઇને કાંઇ કહ્યા વગર ભગવતી ઘાટપર આવી. એ સમયે મિરજા પોતાના સૈનિકોને ભગવતીને પકડીને લઇ આવવાની આજ્ઞા કરતો હતો. ત્યાં સામેથી ચાલી આવતી ભગવતીને જોઇને ખુશ ખુશ થઇ ગયો...

ભગવતીએ મિરજાને કહ્યું – ''તમે આટલો મોટો ઉત્પાત શા માટે મચાવ્યો હતો ? હું આપની બેગમ બનું એ તો મારું પરમ સૌભાગ્ય કહેવાય. પરંતુ કૃપા કરીને પહેલા મારા ભાઇને છોડી મૂકો.''

મિરજા અચંબો પામી તેની તરફ જોઇ રહ્યો. ભગવતી આટલી સરળતાથી પ્રાપ્ત થશે એવી તેને આશા ન હતી એણે હોરિલસિંહને છોડી મૂકયો. તે કાંઇજ સમજી ન શક્યો કે આ શું બન્યું ?

ભગવતીએ કહ્યું- ''મને નાવમાં ભય લાગે છે હું નાવમાં નહિં આવું હું તો પાલખીમાં જ આવીશ.''

મિરજાએ તુરંત સુંદર પાલખી મંગાવી. ભગવતી પાલખીમાં બેઠી. મિરજા તેને લઇ રવાના થયો.

માર્ગમાં એક તળાવ આવ્યું ભગવતીએ ત્યાં પાલખી થોભાવી. એણે કહ્યું ''આ તળાવ મારા પિતાએ બંધાવ્યું છે. છેલ્લે-છેલ્લે એના દર્શન કરી એનું જલપાન કરી લઉં.'' અને પાલખીમાંથી નીચે ઉતરી એ એકલી તળાવપર ગઇ. તળાવપર એક દેવીનું નાનું મંદિર હતું... ભગવતીએ દેવીને ભાવપૂર્વક પ્રણામ કર્યા અને તરત જ પ્રભુનું સ્મરણ કરતાં કરતાં તળાવમાં કૂદી પડી.

ભગવતીને આવતાં ઘણીવાર લાગી તેથી સૈનિકોએ તપાસ કરી પરંતુ ભગવતીનો ક્યાંય પત્તો ન લાગ્યો... તળાવમાં જાળ ફેંકી તો પણ ભગવતીનું શબ પણ ન મળ્યું....

ભગવતીના ભાઇ હોરિલસિંહે પોતે તળાવમાં જાળ નાંખી... ત્યારે ઘણી મથામણને અંતે ભગવતીનું શબ હાથ આવ્યું..

આજે પણ તળાવની પાળે ભગવતીનું પાળિયું આર્યસંસ્કૃતિના શીલ સદાચારની ગૌરવ ગાથાની સુવાસ ફેલાવી રહ્યું છે.

આજની નારીને ભગવતીના જીવનમાંથી ઘણું જાણવા... શીખવા...અને આચરણમાં લાવવા પુરુષાર્થ કરવા જેવો છે.

આજે પણ આજુ બાજુની ઘણી સ્ત્રીઓ અહીં દર્શન કરવા આવે છે. ધર્મરક્ષણ માટે બળ અને શક્તિ માટે પ્રાર્થના કરે છે.

કોટિ કોટિ વંદન હો શીલવતી ભગવતીને ! પ્રાણોના ભોગે સંસ્કૃતિની રક્ષા કરનાર નારીરત્ના ને !

(નારી શક્તિમાંથી સાભાર)

# તાલધ્વજગિરિ

જંબૂદ્વીપનું ભરત ક્ષેત્ર... કુંભપુરી નગરી...

ધરાપાલ રાજા... ધર્મ અને ભક્તિના પ્રેમી...

જિનપૂજાના અડગ ઉપાસક હતા... જિનપૂજામાં પણ પુષ્પપૂજા અત્યંત ભાવથી કરતા અને ઘણા ઘણા જ ખુશ થતા. જ્યારે જીવનમાં નિયમમાં અડગતા આવે ત્યારે દેવલોકમાં પણ પ્રશંસા થાય.. ધરાપાલ રાજાની જિન પૂજાના વખાણ ઇન્દ્ર મહારાજાએ દેવસભામાં કર્યા.એમની જિન પૂજાની નિયમની કટ્ટરતાના વખાણ કર્યા... ઇન્દ્રની પ્રશંસા સાંભળી એક દેવે રાજાની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો...

રાજા પોતાના નિત્ય નિયમ પ્રમાણે પૂજા કરવા હાથમાં થાળી લઇને પુષ્પો એવં પુષ્પમાળા લઇને પૂજા કરવા ચાલ્યા... પરંતુ દેવમાયાથી રાજના હાથમાંથી વારંવાર પુષ્પો અને પુષ્પમાળા ગાયબ થવા માંડી... પુષ્પ પૂજા ન થવાથી રાજાએ ચોવિહારો ઉપવાસ કર્યો... એક... બે દિવસ નહિં ચાર-ચાર દિવસ પુષ્પપૂજા વિનાના ગયા... રાજાએ ચાર ચોવિહારા ઉપવાસ કર્યા. રાજા પર અતિ પ્રસન્ન થયેલા દેવે ચિંતામણી રત્ન આપ્યું...

ગિરિરાજનો અનંત પ્રભાવ જાણીને ચાર કરોડ મનુષ્યોનો સંઘ લઇને ધરાપાલ રાજવીએ ગિરિરાજ તરફ પ્રયાણ કર્યું. અનેક સુકૃતો કરતા... ઠેર... ઠેર... શાસન પ્રભાવના કરતા રાજા સંઘ સાથે ગિરિરાજ ઉપર પહોંચ્યા. ગિરિરાજ ઉપર જ્યારે સંઘ પહોંચ્યો ત્યારે ત્યાં પૂ. તાલધ્વજસૂરિ એક લાખ મુનિઓ સાથે નિવાર્ણ પામ્યા. ધરાપાલ રાજાના સંઘના પણ એક લાખ મનુષ્ય મોક્ષે ગયા સહુના આત્મકલ્યાણથી અને ગિરિરાજના પ્રભાવથી ખુશ થયેલા રાજવી ધરાપાલે ગિરિરાજ ઉપર ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. ગિરિરાજનું નવું નામ તાલધ્વજગિરિ પડ્યું...

મુક્તિના અભિલાષી એવા ધરાપાલ રાજવીએ સંસારની અસારતા અને આત્મકયાણ માટે સંયમની અનિવાર્યતા જાણીને દીક્ષાનો સ્વીકાર કર્યો... રત્નત્રયીની ઉત્કૃષ્ટ સાધનાથી હળુકર્મી બની ગિરિરાજ ઉપર પધારી નિર્વાણ પદને પામ્યા.

ગિરિની છાયડી મીઠી કરમના કંદ કાપે છે...

કર્મના કંદને અનંત સુખને માણવા ચાલો તાલધ્વજગિરિ જઇએ... આત્માને પાવન કરીએ...

# જયલક્ષ્મી બાગ

## ગુરુપદ મહિમા

ગુરું !

ગુ એટલે અંધકાર.. રુ એટલે પ્રકાશ.

ગુરુ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જનાર અનોખું ઉપકારી પદ.

ઉંડા અંધારેથી પ્રભુ મને પરમ તેજે તું લઇ જા....

ભક્ત ભગવાનને.... શિષ્ય ગુરુને આવી જ પ્રાર્થના કરે છે. લાંબા સમયથી આવી પ્રાર્થના કરવા છતાં પ્રાર્થના ફળતી નથી ?

શું આપણી પ્રાર્થનામાં કાંઇ ખામી છે ?

શું આપણી પ્રાર્થનામાં ક્યાંક કમી છે ? ઓછપ છે ?

પ્રશ્ન પહેલો થાય છે પ્રાર્થના શબ્દોથી થાય છે કે અંતરના ભાવથી ?

એકદા એક મુનિરાજને મળવા અન્ય મુનિરાજ આવ્યા ? આવનાર મુનિરાજે જોયું આ મુનિરાજ ખમાસણા આપી રહ્યાં છે...વંદન કરી રહ્યા છે. પરંતુ સામે તો કોઇ છે નહીં... નથી મુર્તિ... નથી ફોટો... કાંઇ સમજાયું નહીં... થોડીવાર બેઠા ત્યાં મુનિરાજ પોતાની ક્રિયામાંથી નિવૃત્ત બન્યા. બેઠા બન્ને મુનિરાજ વચ્ચે સામાન્ય વાતચીત થઇ.... આંગતુક મુનિરાજે પૂછ્યું- ''આપશ્રી હમણાં કોને વંદના કરતા હતા ? મુનિરાજે જવાબ ટાળવાનો પ્રયત્ન કર્યો.. પણ આવેલા મુનિરાજને તો જવાબ મેળવવો જ હતો અંતે મુનિરાજના અતિ આગ્રહથી જવાબ આપતા કહ્યું- ''આ પાટ પર કાગળ પડ્યો છે ને તે ગુરુદેવને લખ્યો છે. એમાં લખ્યું છે ૧૦૮ વાર વંદના સ્વીકારશોજી. લખું પણ વંદના ના કરું તો ગુરુદેવ સ્વીકારે કેવી રીતે? એટલે ગુરુદેવને ૧૦૮ વાર વંદના કરતો હતો. હવે કાગળ બીડીશું.'' આવેલા મુનિરાજ આશ્ચર્ય પામી ગયા... એમનું મસ્તક ઝુકી ગયું...

આવું ક્યારે બને ? અંતરમાં શ્રદ્ધા અને ભક્તિભાવ હોય ત્યારે.... તપાસીએ આપણી જાતને ? વાતો મોટિ મોટિ કરીએ પણ આચરણમાં મીંડુ... ક્યારે સમજાશે પરમાત્માના શાસનના ઉંડા રહસ્યો ? ક્યારે મળશે આવી સૂક્ષ્મ સમજણ ? શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિના ત્રિવેણી સંગમ ઉપર ગુરુકૃપાના તીર્થનું મંડાણ થાય છે. દશ્ય જગતના રહસ્યો સમજવા જ્યારે સહેલા નથી ત્યારે અદશ્ય જગતના ઉંડા, ગહન રહસ્યોને પામવા અતિ કઠિન છે. રખડપટ્ટિનું કારણ આપણી સ્વચ્છંદતા છે. હું બધું જાણું... હું કરું તે સાચું... આમાં અહંકારની બદબુ છે. અહંકાર જીવને ક્યારે સમર્પણના પંથે આગળ વધવા નથી દેતો.

આપણે એકાંતમાં બેસી આત્મનિરીક્ષણ કરવાની આવશ્યકતા છે. ક્યાં સુધી ભટકતા રહિશું ? ક્યાં સુધી જન્મ-મરણના ફેરા ફરીશું ? જેટલા વહેલા જાગીશુ એટલો તાપ તડકો ઓછો લાગશે. સંસારના તાપ-સંતાપ ઓછા સહન કરવા પડશે. આ ભવમાં ના જાગ્યા તો ફરી આપણા માટે લાખ ચોર્યાસીના ફેરા તો છે જ.

દોરા સાથેની સોઇ ખોવાઇ પણ જાય તો સહજતાથી મળી જાય છે એવીજ રીતે ગુરુના સાથને પામેલો આપણો આત્મા સંસારમાં ક્યાંક ભૂલો પડી જાય... ખોવાઇ જાય તો પણ સહજતાથી ગુરુ એને રાહપર લાવ્યા વગર ન રહે. જો આમ જ છે તો નથી લાગતું ગુરુની શરણાગતિ સ્વીકારવી જ રહી.

મયણાને સત્યના માર્ગે ચાલતાં કસોટિ થઇ... અત્યંત વિકટ પરિસ્થિતી નિર્માણ થઇ... પરંતુ મયણાએ દુનિયાનો સાથ છોડ્યો.. પરિવારનો સાથ છોડ્યો પરંતુ દેવ-ગુરુના સાથને મજબૂત બનીને પકડી રાખ્યો. ગુરુના સમર્પણ ભાવે સિદ્ધચક્રની સાધના મળી... ગુરુ માર્ગદર્શને આગળ વધી સિદ્ધચક્રની સાધના ફળી અંતે સંસારની સર્વ રિદ્ધિ-સિદ્ધિને પામી અંતે અક્ષયસુખની સ્વામિની બનશે.

ગુરુ વિના જ્ઞાન નથી....
જ્ઞાન વિના સમજણ નથી...
સમજણ વિના સમ્યગ્ આચરણ નથી...
સમ્યગ્ આચરણ વિના કોઇ સિદ્ધિ નથી.

આ અફાટ સંસારમાં પાંચમા આરાના અંત સુધી સદ્ગુરુ રહેવાના જ છે... સદ્ગુરુની પ્રાપ્તિ દુષ્કર છે પણ અસંભવિત તો નથી જ સદ્ગુરુના મહિમાને જાણી... સદ્ગુરુની શોધમાં લાગી જઇએ... સદ્ગુરુની પ્રાપ્તિ થઇને જ રહેશે. સંકલ્પ કરીએ. જ્યાં સંકલ્પ છે ત્યાં સત્ પુરુષાર્થ છે... ત્યાં સિદ્ધિ છે... શોધ કરતાં સદ્ગુરુ મળી જાય તો ક્ષણનો પણ વિલંબ કર્યા વિના એમની શરણાગતિ સ્વીકારી લઇએ બેડો પાર થઇ જશે... પરંતુ મુખ્ય કાર્ય છે સદ્ગુરુની શોધ સદ્ગુરુના કેવા ગુણ છે ? સદ્ગુરુ કેવા હોવા જોઇએ આ બધાની વિચારણા પણ ઘણી જ આવશ્યક છે. સદ્ગુરુને ઓળખવા શબ્દોને નહિ એના રહસ્યાર્થોને સમજવાની જરૂર છે. બાહ્ય વ્યવહાર એ આલંબલન છે સાધ્ય તો અંતરની પરીણતી જ છે... સાધુ બન્યા પછી બાહ્ય વ્યવહારનું પાલન તો કરવાનું છે પરંતુ લક્ષ્ય અંદરની પરીણતીને સુધારવાનું... ઉચ્ચ કક્ષાએ લઇજવાનું જ હોવું જોઇએ. આત્મવિકાસમાં બાહ્યવ્યવહાર કરતાં અંતર પરીણતીનું મુલ્ય ઘણું જ મહત્વનું છે. ગૃહસ્થ વેશમાં કેવલજ્ઞાન જે પણ પામ્યા છે તે અંદરની પરીણતીના કારણે જ પામ્યા છે. અંદરની પરીણતીને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવામાં બાહ્ય સાધન સહાયક છે પણ અનિવાર્ય નથી.

સદ્ગુરુની શોધ માટે વ્યક્તિની પરિણતીને ઓળખવાની ખાસ જરૂર હોય છે. એ કલા હસ્તગત કરતાં સાચા અર્થમાં સદ્ગુરુની શોધ સહેલી બની જાય છે. આતો ! અંદરની આંખે મહાપુરુષોના પાંખે સદ્ગુરુની શોધ માટે સજ્જ બનીએ.

**वृच्छिंद सिणेहमप्पणो,**
**कुमुयं सारइयं व पाणियं ।**
**से सव्व-सिणेह वज्जि ए,**
**समयं गोयम ! मा पमाय ए ।।२८।।**

શરદ્ ઋતુમાં ખીલેલું કમળ,
જેવી રીતે પાણીથી લેપાતું નથી..
પાણીથી અળગુંજ રહે છે.
એવી જ રીતે તમે પણ સર્વ પ્રકારના
સ્નેહ બંધનને તોડી નાંખો...
સર્વ પ્રકારના સ્નેહ બંધનના ત્યાગી
અતઃ **હે ગૌતમ !** આરાધનામાં
ક્ષણ માત્ર પણ **પ્રમાદ ન કર.**

**तिण्णो हुसि अण्णवं महं,**
**किं पुण चिट्ठसि तीरमागंओ ।**
**अभितुर पारं गमित्त ए,**
**समयं गोयम ! मा पमायए ।।३४।।**

હે જીવ !
તું મહાસાગરને પાર કરી ગયો છે...
હવે કિનારે પહોંચીને કેમ ઉભો છે..
એને પાર કરવાની ઉતાવળ કર...
શીઘ્રાતીશીઘ્ર સંસાર સાગર તરી જા...
**હે ગૌતમ !** આવા ઉત્તમ કાર્યમાં
ક્ષણવાર પણ **પ્રમાદ ન કર.**

જે જીવ
પાથેય (ભોજન-પાણી)
લીધા વગર લાંબા માર્ગ પર
ચાલી નિકળે છે... તે લાંબા માર્ગ ઉપર જતો જીવ
ભૂખ-તરસથી પિડીત થઇને દુઃખી થાય છે.
તેવી જ રીતે જે જીવ
આ ભવમાં ધર્મ કર્યા વગર,
પરભવમાં જાય છે.
તે જીવ
વ્યાધિ-રોગ-આદિથી
પીડિત થઇને
દુઃખી થાય છે.

**इमं शरीरं अणिच्चं,**
**असुइं असुइ संभवं ।**
**असासया-वासमिणं, दुक्खकेसाण भायणं ।।**

આ શરીર અનિત્ય છે...
આ શરીર અપવિત્ર છે...
આ શરીર અપવિત્ર પદાર્થોથી ઉત્પન્ન થયું છે...
આ શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે...
આવા પણ આ શરીરમાં જીવનો વાસ
અશાશ્વત (અલ્પ સમય માટે) છે.
આ અશાશ્વત શરીર
દુઃખો અને કલેશોનું
ભાજન છે.

જે જીવ
પાથેય (ભોજન-પાણી) સાથે લઇને
લાંબા માર્ગ ઉપર પ્રયાણ કરે છે,
તે યાત્રામાં ભૂખ-તરસ વગેરેની પીડાથી
મુક્ત બનીને સુખી થાય છે.
તેવી જ રીતે, જે જીવ,
જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપરૂપી ધર્માચરણ કરીને
પરલોક જાય છે તે સુપુણ્ય જીવ અલ્પકર્મી અને
વેદના રહિત થઇને સુખી થાય છે.

**एवं धम्मंऽपि काऊणं,**
**जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो सुही होइ,**
**अप्पकम्मे अवेयणे।।**

## કષાય

**कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥८-३८॥**

ક્રોધ પ્રીતીનો નાશ કરે છે...
માન વિનયનો નાશ કરે છે..
માયા મિત્રતાનો (મૈત્રીનો) નાશ કરે છે...
લોભ સર્વ ગુણોનો નાશ કરે છે...
સમજીને સુધરી જઇએ...
ચારે કષાયમાંથી મુક્ત બનવા
પુરૂષાર્થ આદરીએ... સંપૂર્ણ નાશ
કરવા યોગ્ય કષાયોને મંદ
પરિણામી જરૂર બનાવીએ.

## રાગ-દ્વેષ

**उल्लो सुक्खो य दो छूठा, गोलया भट्टिया मया ।**
**दो वि आवडिया कुड्डे, डो उल्लो सोऽत्थ लंग्गई ॥**

માટિના બે ગોલા, એક સુકો એક ભીનો
બન્નેને ભીંત પર ફેંકીએ તો ભીનો ચિકાશના
કારણે ચોંટિ જાય.. સૂકો નીચે પડી જાય છે.
જ્યાં રાગ-દ્વેષની ભીનાશ-ચિકાશ છે
ત્યાં કર્મ ચોંટિ જાય છે જ્યાં રાગ-દ્વેષની
ભીનાશ નથી ત્યાં કર્મ ખરી પડે છે.
આત્માને ચોંટતા નથી.
ચાલો ! રાગ દ્વેષથી મુક્ત બનીએ.
કર્મ મુક્તિ મળી જશે.

## સુખ-દુઃખ

**आशायां परम दुःखं, नैराश्यं परम सुखम् ।**
**सर्व परवशं, दुःखं, सर्व आत्मवश सुखम् ॥**

પરની આશા પરમ દુઃખકારી છે...આશાનો નાશ એ જ પરમ સાચું સુખ છે... માનવીના સુખનો આધાર જ્યાં સુધી વ્યક્તિ કે વસ્તુ છે ત્યાં સુધી તે પરવશ છે... પરાધીન છે.પરાધીનને ક્યારેય સુખ મળતું નથી. માનવી સ્વાવલંબી થશે ત્યારે જ સુખી થશે... આત્મામાં સ્થિર થવાથી જ પરમાનંદની પ્રાપ્તિ થઇ શકે છે... એજ સાચું સુખ છે... આ આનંદ અનંત અને અવિનાશી છે.

**किं दुर्लभं ? नृ जन्म, पाप्येदंभवर्ति किं च कर्तव्यम् ।**
**आत्महितमाहि तंसंगत्यागो, रागश्च गुरुवचने ॥**

દુર્લભ શું છે ? મનુષ્ય જન્મ !
એને પામીને શું કરવું જોઇએ ?
કુસંગનો ત્યાગ અને
સદ્ગુરુના વચનો પ્રતિ પ્રેમ એજ
જીવન સફળતાની ચાવી છે.
કુસંગનો... વ્યસનોનો ત્યાગ કરજો...
ગુરુ મુખે જિનવાણી શ્રવણ કરી એને જીવનમાં
ઉતારવા પુરૂષાર્થ આદરજો...
આત્મ શાંતિ અને આત્મોન્નતિનો અનુભવ
અચૂક થશે

## તૃષ્ણા

**भवतण्हा लया वुत्ता, भीमा भीम फलोदया ।**
**तमुच्छितु जहा नायं विहरामि महामुनी ॥**

હે આત્મન્ ! (મુની) આ સંસારમાં
તૃષ્ણારૂપી લતા-વેલડી છે તે સ્વયં ભયંકર છે
અને ભયંકર ફળદાયિની છે. સંસારના સર્વ દુઃખોનું
મૂળ તૃષ્ણા છે. તૃષ્ણા ઉપર વિજય મેળવનારના
બધા દુઃખોનો નાશ થાય છે.
મેં એ તૃષ્ણારૂપી વેલડીને મૂળથી ઉખેડીને ફેંકી દિધી છે.
તેથી હું ન્યાયપૂર્વક વિહાર કરું છું.
ચાલો ! આપણે પણ તૃષ્ણા ઉપર વિજય મેળવવા...
સંતોષી બનવા પ્રયત્ન કરીએ...
સુખી થઇ જશું...

# CHILDREN'S CORNER

## Suffering-grief ends then Happiness comes
### Part 1

दु:खद्विट् सुखलिप्सुर्मोहान्धत्वादिद्रष्ट गुणदोष: ।
यां यां करोति चेष्टां, तया तया दु:खमादत्ते ।।

**Du: khadviṭa sukhalipsurmohāndhatvādidraṣṭa guṇadoṣa: |**
**Yāṁ yāṁ karoti cèṣṭāṁ, tayā tayā du:khamādattè ||**

All the jīvas of this world do not like suffering-grief...
Every jīva likes only happiness...

From birth to death jīva does activities that give happiness and remove suffering. Yet, with this (such activities) gets suffering.
How surprising is this happening? Likes happiness...wants happiness...makes efforts to get happiness ...but gets suffering...

What is the reason behind this?
Despite persistent efforts to remove suffering when the mountains of grief attack and cause breakdown...despite constant longing for happiness and industriousness to get it the happiness runs far away...then the understanding...wise...gentlemen should think about it ...do research in this.

With pondering and research one must discover the truth. Our pious reader (vācaka) Umāswātijī has discussed the same matter in the Praśamarati chapter.
Umāswātijī mahārājā says – "Hèy ignorant jīva! You are mad with infatuation! ...your conscience-discretion has been blinded...therefore what is beneficial and what is harmful-injurious-detrimental? You do not know...can't understand also...

All these lead to aversion to sorrow and love to happiness...this result in likes-dislikes (love-hatred) which is ultimately the root cause of karma baṅdha and tradition of the world and its miseries...
The ignorant jīva loves the pleasures of the senses in the world...but what is the end result of the pleasures of this world which seem dear and sweet? Where are the pleasures of the senses found by the living being today? Since time immemorial, the jīva has enjoyed many

pleasures of the senses, but it was never satisfied. Much more happiness than today's pleasures were enjoyed in the birth as King-Cakravartī-Emperor...in the birth as dèva etc...But neither the jīva stopped from its sensual pleasure neither could understand its vicious cycle nor its deadly-terrible end-result-maturing-ripeness...

The jīva gets the appropriate senses in that place in whichever gati and whatever yoni it goes. In èkèndriya it has only one sense of touch...but as the senses increase its temptation-craving for happiness increases...this covetousness-longing for pleasures also knocks down-defeats giant living beings.

To capture the mighty-bouncing animal like elephant the weakest link of the lust for sense-gratification is kept in view.

When the elephant is to be captured a huge pit is dug next to it. The buttress is made to stand opposite side of this...or in the pit an artificial buttress made of paper is kept...the urine of buttress is sprinkled on all sides the pit. The elephant gets attracted due to the smell of the urine of the buttress. When he sees the paper buttress in the pit he is overtaken by the lust and succumbs to sexual desire. He speeds up hastily towards the buttress. There he falls into the pit dug for him and makes himself bound.

Such is the condition of a mighty animal like elephant by subduing to the sense of touch.

Hèy Jīva! Such condition also has occurred in multiple births by subduing to the sense of touch...come I will make you understand another thing...

After sparśèndriya comes rasanèndriya! The enslavement of rasanèndriya has affected and defeated the jīva from bèindriya to pañcèndriya...

To catch fishes or rats...their weak link of rasanèndriya is targeted...to catch fishes the food item is hooked to the fishing rod and for the rats it is hooked in the cage hook...in the desire to eat the fish is trapped in the net...the mouse in the cage...falling into this bondage ultimately leads to their death...

How many times have we died this way? Have we defeated/conquered rasanèndriya or still remain its slave only?

The indulgence of each sense has haunted us since time immemorial, yet our soul does not wake up. Vigilant person is the one who knowing or seeing the person walking ahead falling-tripping, becomes alert. When will we become aware? (continue...)

# શોધીલે જીવનનો સાર

## (૧) Home -work

શનિવારનો દિવસ હતો....

આજે નિશાળમાંથી જલ્દિ છુટ્ટી મળી ગઇ હતી....

બાળકો બધા હસતા રમતાં ઘર તરફ વિદાય થયા.

રાજુ પણ નિશાળમાંથી ઘેર આવ્યો... ઘેર આવતાં જ દફતર એક બાજુ રાખી દાદા પાસે પહોંચ્યો. '' દાદા-દાદા આજે અમને જુદા જ પ્રકારનનું Home -work મળ્યું છે. અમને દસ જણાને મળવાનું એમને કહેવાનું **ધીરજ રાખો, શ્રદ્ધા રાખો, હું તમને ચાહું છું.** પછી એ રજા આપે તો પ્રેમથી એમને ભેટવાનું''

દાદા, કાલે રવિવાર છે ને હું મારું Home -work પૂર્ણ કરીશ...

સાંજે પપ્પા ઘરે આવ્યા એમને પણ એવી જ વાત કરી, પપ્પાએ કહ્યુ ''કાલે હું મોલમાં જવાનો છું... તું સાથે આવજે, ત્યાં તને ઘણા જણા મળશે તારું કામ થઇ જશે.''

રાજુ ખુશ ખુશ થઇ ગયો.. રવિવારના સવારના વહેલો ઉઠી નાહી ધોઇને તૈયાર થઇ ગયો... પપ્પાને ઉતાવળ કરવા લાગ્યો... પપ્પાએ સમજાવ્યું હજી મોલ ખુલ્યું નહીં હોય અને વરસાદ ઘણો છે એટલે મોલમાં માણસોની બહુ આવ-જાવ પણ નહીં હોય.. રાજુ થોડીવાર શાંત રહ્યો... ફરીથી પપ્પાને ઉતાવળ કરવા લાગ્યો. પપ્પા એને લઇને મોલમાં પહોંચ્યા. પિતાએ બેટાને એનું કામ કરવા કહ્યું અને પોતાને જે ખરિદી કરવી હતી એમાં લાગી ગયા. પિતાનું કામ થઇ ગયું... પપ્પાએ રાજુને બોલાવ્યો રાજુ આવી ગયો એણે પિતાને કહ્યું પાપા ! નવ જણા થઇ ગયા. એક બાકી રહી ગયો.

પપ્પાએ કહ્યું બેટા ! વરસાદ વધી રહ્યો છે આપણે ક્યાંક રસ્તામાં ફસાઇ જઇશું... આપણા ઘરનાં આજુ બાજુ એકાદને મળી લે જે. દિકરાએ અનિચ્છાએ સાથે ચાલવા માંડયું... એનો ચહેરો ઉદાસ બની ગયો... બન્ને ગાડીમાં ગોઠવાયા.. ગાડી આગળ વધી... ત્યાં રસ્તાની બાજુમાં જ એક ઘર જોઇ દિકરાએ પપ્પાને કહ્યું - '' આપણે થોડીવાર અહીં રોકાઇશું ?આ ઘરમાં હું જઇ આવું કોઇ મળી જશે તો મારું Home -work પુરું થઇ જશે...

પપ્પાએ રાજુની ઉદાસીનતા દૂર કરવા ગાડી ઉભી રાખી. રાજુ ગાડીમાંથી નીચે ઉતરી દોડતો... દોડતો ઘર તરફ ગયો. ડોર બેલ વગાડી... દરવાજો ખુલ્યો એક બહેન બહાર આવ્યા રાજુને પૂછ્યું તું કોણ છે ? અહીં કેમ આવ્યો છે. ''માસી ! હું વિદ્યાર્થી છું Home -work પુરું કરવા અહીં આવ્યો છું.

માસી ! ધરીજ રાખો... શ્રદ્ધા રાખો... હું તમને ચાહું છું.''

બેનની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી પ્રેમથી એ રાજુને ભેટિ પડી. ત્યાં એના પપ્પા આવ્યા. બેને બન્નેને અંદર બેસાડ્યા... ચા પીવડાવી અને કહ્યું- ''હાલમાંજ મારા પતિદેવ દેવલોક થયા... મારું કોઇ નથી... હું હમણા મરવાનો જ વિચાર કરતી હતી અને ડોર બેલ વાગી. આ બાળક મારા માટે દેવદૂત બનીને આવ્યો મને ધીરજ અને શ્રદ્ધા રાખવા કહ્યું ખરેખર ભગવાને જ એને અહીં મારા માટે મોકલ્યો. મને જીવનનો નવો રાહ બતાવ્યો છે. બેટા ! તારું સદા કલ્યાણ થાવ.''

સર્વત્ર આનંદ છવાયો. સદા પ્રભુ ભક્તિ કરવા... પ્રભુને પ્રેમ કરવાનો સંદેશો આપી રાજુ-પિતા સાથે હરખાતો હરખાતો ઘેર આવ્યો Home -work પૂર્ણ થવાની સાથે એક અજાણી વ્યક્તિને મોતના માર્ગથી પાછા વાળવાનો અદ્‌ભૂત આનંદ ચિરકાળ સુધી એ અનુભવી રહ્યો...

**ધીરજ રાખો... શ્રદ્ધા રાખો હું તમને ચાહું છું...**

## (૨). હકારાત્મક દૃષ્ટિ

એક હતું નાનું પણ સુંદર શહેર...

અનેક માનવીઓ ત્યાં વસતા હતા...

એ નગરીમાં એક અજાયબી હતી... બે સગા ભાઇઓ હતા... એક કાનજી અને બીજો રામજી... એક માતા-પિતાના બે સંતાનો... એક જ ઘરમાં ઉછરેલા... છતાં બન્નેમાં જમીન આસમાનનો ફરક. એક ઉત્તરમાં તો બીજો દક્ષિણમાં...

કાનજી સાત વ્યસનોમાં પુરો... દારું પીવો... જુગાર રમવો... નશામાં મોડી રાતે ઘેર આવવું... પત્ની બાળકો ઉપર હાથ ઉપાડવો... ઘરમાં કલેશ-કંકાસ ઉભા કરવા... ગરીબીમાં જીવન બરબાદ કરવું...

જ્યારે એનો સગો ભાઇ રામજી ! અત્યંત ડાહ્યો... સમજુ... શાંત બધા પ્રકારના વ્યસનોથી દૂર... સારો વ્યાપારી...ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં જેની ગણત્રી થાય... સુખ-શાંતિ અને પ્રસન્નતાથી જીવન જીવે છે.

નગરના ઘણા માણસોને આશ્ચર્ય થતું-''આવું કેમ ? એક જ માત-પિતાની બે સંતાનોનું આવું વિરોધાભાસી જીવન કેવી રીતે ?'' બધા વિચાર કરીને વાતને છોડી દેતા. એક નગરવાસીએ એનું રહસ્ય

શોધી કાઢવાનું નક્કી કર્યું.

પ્રથમ એ ભાઇ કાનજીને મળ્યા... એમણે એની સાથે સામાન્ય વાતો કરતાં કરતાં પૂછી લીધું- ''આજે તમે જે કાંઇ છો એના માટે તમે કોને જવાબદાર ગણો છો ?

સહજતાથી એણે જવાબ આપતાં કહ્યું-''મારા પિતાજી ! બીજું કોણ હોઇ શકે ?''

મારા પિતાજી નશાખોર હતા... નશો કર્યા વગર એમને ન જ ચાલે... ચરસ-ગાંજો-દારું બધું જ એમના જીવનમાં હતું. રોજ રાતે દારુ પીને આવે... રોજ મા સમજાવવા પ્રયત્ન કરે પણ પિતાજી કોઇનું ન સાંભળે ઉપરથી માંને મારે... અમે બાળકો કોઇ વચમાં આવીએ તો અમને પણ ઢિબી નાંખે... પિતાના જીવનને રોજ જોતાં જોતાં આ બધી વસ્તુઓ મારા જીવનમાં આવી ગઇ... એટલે જ મેં કહ્યું ''મારા આજના જીવન માટે મારા પિતા જવાબદાર છે.''

સાંભળનારને પણ વાત સાચી લાગી... ત્યાંથી ભાઇ પહોંચ્યા બીજા ભાઇ રામજી પાસે અને એને પણ એજ પ્રશ્ન પૂછયો...

રામજીએ શાંતિથી જવાબ આપતાં કહ્યું- ''મારા આજના જીવન માટે કોઇ જવાબદાર હોય તો એ મારા પિતાજી છે.''

આવનાર ભાઇના મુખમાંથી અચાનક શબ્દો સરી પડ્યા- ''તમારા પિતાજી ? એ તો દારુડીયા હતા.''

રામજીભાઇ બોલ્યા - ''હા, તમારી વાત સાચી છે એ ઘણો દારુ પીતા... નશામાં ઘરે આવી તોડ-ફોડ કરતા... માંને ગાળો આપતા... મારતાં... અમે ઝપટમાં આવતાં તો અમારી પણ પીટાઇ થતી.''

હું નાનો હતો ત્યારથી રોજ ઘરમાં આ બધું જો તો અને મનમાં દૃઢ નિશ્ચય કરતો- ''મારે આવું તો નથી જ બનવું...મારે આવું તો નથી જ કરવું.'' રોજ રોજ મનમાં નિશ્ચયને મજબૂત કરતો ગયો તો આજે દારુ વગેરે વ્યસનોથી દૂર રહી શક્યો... જીવનને સુંદર બનાવી શક્યો... મારા આ જીવન માટે મારા પિતાજી જ જવાબદાર છે.''

સાંભળનારને આ વાત સાચી લાગી.

સકારાત્મક... હકારાત્મક ઉચ્ચ દૃષ્ટિ જ્યાં છે ત્યાં સુંદરતાનું-શાંતિ-સમૃદ્ધિનું સર્જન થાય છે. જ્યાં નકારાત્મક-નબળી દૃષ્ટિ છે ત્યાં શાંતિ-સમૃદ્ધિનું વિસર્જન થાય છે. **જીવનને ઉર્ધ્વગામી બનાવવું હોય તો હકારાત્મક દૃષ્ટિના સ્વામિ બનવા પુરુષાર્થ આદરો...**

## (૩). નિયમ

એક હતી નગરી...

સુંદર અને સમૃદ્ધ...

સંસ્કારી અને ધર્મી....

નગરની વચ્ચે એક ભવ્ય જિનાલય... બાજુમાં જ વિશાળ ઉપાશ્રય...

સાધુ-સાધ્વીજી ભગવંતનું આવાગમન સતત ચાલુ રહેતું.. એકદા એક મુનિરાજ નગરમાં પધાર્યા.. વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિઓ ચાલુ થઇ....

ઉપાશ્રયની બાજુમાં એક બ્રાહ્મણ પરિવાર રહેતો હતો. એમનો એક દિકરો કેશવ... કેશવ પોતાના મિત્રો સાથે ઉપાશ્રય આવ્યો... ગુરુ ભગવંતે બધાને નવકારાદિ શિખવાડ્યું. એક દિવસ ગુરુ ભગવંતે રાત્રી ભોજન વિષે બધાને સમજાવ્યું. કેશવને વાત ગળે ઉતરી ગઇ... એણે ગુરુ ભગવંત પાસે રાત્રી ભોજનના પચ્ચક્ખાણ કર્યા... ઘરે આવી માતા-પિતાને વાત કરી. માતાએ કહ્યું આપણે ક્યાં જૈન છીએ ? આપણે તો રાત્રી ભોજન કરીએ આપણાથી આવા પચ્ચક્ખાણ ન કરાય... તારે આવા કોઇ નિયમ લેવાના પાળવાના નથી.

કેશવે માતા-પિતાને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ માતા-પિતા ન જ સમજ્યા. માતા-પિતાએ સમજાવ્યું કેવશ ન માન્યો... બન્ને પોતાની વાત પર અટલ રહ્યા. અંતે માતા-પિતાએ કહી દિધું જો તારે રાતે ન જમવું હોય તો ઘર છોડીને જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા...

કેશવ ઘર છોડીને નિકળી ગયો... ગામ બહાર આગળ ચાલતાં જંગલ આવ્યું... થાકેલો અને ભૂખ્યો કેશવ એક ઝાડની નીચે સૂઇ ગયો. રાતના એક તેજ પુંજ પ્રગટ થયો... કેશવને જગાડી એની સામે ખાવાની વિવિધ વાનગીઓના થાળ મૂક્યા... ખાવા માટે ઘણો આગ્રહ કર્યો... કઠિન પરીક્ષાઓ કરી... પરંતુ કેશવ પોતાના નિયમથી જરાય ચલાયમાન ન થયો. દેવે પુષ્પ વૃષ્ટિ કરી... દેવવાણી થઇ ''નિયમના પ્રભાવથી તમને વિશાળ રાજ્યની પ્રાપ્તિ થશે.'' નિયમના પ્રભાવે રાજ્ય મળ્યું... રાજા બન્યા...

એકદા કેશવરાજા પોતાના મહેલના ઝરોખે બેઠા છે... ત્યાં નીચેથી પસાર થતા દુઃખી દેખાતા માતા-પિતા અને ભાઇને જોયા... નીચે ઉતરી માતા-પિતાને પ્રણામ કર્યા...

માતા-પિતાએ કહ્યું- ''તારો ભાઇ હંસ રાતે ભોજનમાં સર્પનું ઝેર આવતાં મરણ શરણ થયો. અમે નિર્ધન દુઃખી થઇ ગયા....

કેશવે કહ્યું- ''ધર્મ અને નિયમના પ્રભાવે હું ઘણો જ સુખી થયો છું.

માતા-પિતા નિયમનો પ્રભાવ જાણી ધર્મ પામ્યા. યથાશક્તિ વ્રત આદરી સુખી થયા...

# જ્ઞાન સુધારસ પીજે... 3

પ્રશ્ન ૪૪ - હે ભગવંત્! સર્વ ગુણ સંપન્નાથી જીવ શું પામે છે?

ઉત્તર- સર્વગુણ સંપન્નતાથી જીવ સંસારમાં ફરી આવવાના અભાવ રૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. અપુનરાવૃત્તિને પ્રાપ્ત જીવ શારીરિક અને માનસિક દુઃખોને ભોગવનારો થતો નથી.

પ્રશ્ન ૪૫ - હે ભગવંત્! વીતરાગતાથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- વીતરાગતાથી જીવ સ્નેહાનુબંધનો અને તૃષ્ણાનુબંધનોનો વિચ્છેદ એટલે નાશ કરે છે. પછી તે મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ-સ્પર્શ-રસ - રૂપ અને ગંધથી વિરામ પામે છે.

પ્રશ્ન ૪૬ - હે ભગવંત! ક્ષમાથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- ક્ષમાથી જીવ પરિસહ અને વેરને જીતે છે.

પ્રશ્ન ૪૭ - હે ભગવંત! મુક્તિ (નિર્લોભતા)થી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- નિર્લોભતાથી જીવ અકિંચનતા પામે છે અને અકિંચન જીવ અર્થલોલુપી જીવો દ્વારા અપ્રાર્થનીય હોય છે.

પ્રશ્ન ૪૮ - હે ભગવંત! ઋજુતા (સરળતા)થી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર-સરળતાથી જીવ કાયાની સરળતા, ભાવોની સરળતા, ભાષાની સરળતાને પ્રાપ્ત કરે છે. ત્રણેની અવિસંવાદિતાને પ્રાપ્ત કરે છે. તેથી જીવ ધર્મનો આરાધક થાય છે.

પ્રશ્ન ૪૯ - હે ભગવંત! મૃદુતા (નમ્રતા)થી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- મૃદુતાથી જીવ નિરભિમાનતાને પામે છે. મૃદુતાથી જીવ આઠ મદના સ્થાનોનો નાશ કરે છે.

પ્રશ્ન - હે ભગવંત! ભાવ સત્યથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- ભાવ સત્યથી જીવ ભાવ વિશુદ્ધિને પામે છે. ભાવ વિશુદ્ધિમાં વર્તતો જીવ અર્હત્ પ્રરૂપિત ધર્મની આરાધના માટે ઉદ્યમવંત બને છે. અરિહંત પ્રરૂપિત ધર્મારાધના માટે ઉદ્યમવંત થયેલો જીવ પરલોક માટે ધર્મ આરાધક બને છે.

પ્રશ્ન ૫૧ - હે ભગવંત! કરણ સત્ય (સત્ય પ્રવૃત્તિ)થી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- કરણ સત્યથી જીવ કરણ શક્તિને પ્રાપ્ત કરે છે. કરણ સત્યમાં પ્રવર્તતો જીવ યથાવાદી તથાકારી બને છે. જેવું કહે તેવું કરવાવાળો થાય છે.

પ્રશ્ન ૫૨ - હે ભગવંત! યોગ સત્યથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉતર- યોગ સત્યથી જીવ યોગોની શુદ્ધિ કરી લે છે.

પ્રશ્ન ૫૩ - હે ભગવંત! મનોગુપ્તિથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર - મનોગુપ્તિથી જીવ મનની એકાગ્રતા પ્રાપ્ત કરે છે. એકાગ્ર ચિત્તવાળો જીવ સંયમનો આરાધક થાય છે.

પ્રશ્ન ૫૪ - હે ભગવંત! વચનગુપ્તિથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- વચનગુપ્તિથી જીવ નિર્વિકારતા (નિર્વિચારતા)ને પ્રાપ્ત કરે છે. નિર્વિકારી જીવ વચનથી ગુપ્ત થઇને અધ્યાત્મ યોગના સાધન ભૂત ધ્યાનથી યુક્ત બને છે.

પ્રશ્ન ૫૫ - હે ભગવંત! કાયગુપ્તિથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- કાયગુપ્તિથી જીવ સંવરને પ્રાપ્ત કરે છે. કાયાના સંવર દ્વારા કાયગુપ્ત બનીને પાપાશ્રવનો નિરોધ કરનારો થાય છે.

પ્રશ્ન ૫૬ - હે ભગવંત! મનઃસમાધારણતાથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉત્તર- મનઃસમાધારણતા એટલે મનને સમ્યગ્ પ્રકારથી ધર્મધ્યાનમાં લીન બનાવવું... એકાગ્ર બનાવવું. મનની સમાધારણતાથી જીવ જ્ઞાનાદિમાં એકાગ્રતા પામે છે. એકાગ્રતા પ્રાપ્ત કરવાથી જ્ઞાન-પર્યાયોને પ્રાપ્ત કરે છે. જ્ઞાન પર્યાયોને પ્રાપ્ત કરવાથી સમ્યક્ત્વને શુદ્ધ કરે છે. અને મિથ્યાત્વની નિર્જરા કરે છે.

પ્રશ્ન ૫૭- હે ભગવંત ! વચન સમાધારણતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર-વચન સમાધારણતા એટલે વચનને સમ્યક્ પ્રકારથી સ્વાધ્યાયાદિમાં જોડી રાખવું. વચનની સમાધારણતાથી જીવ સાધારણ વાણીના વિષયભૂત, દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરે છે. વાણીના વિષયભૂત દર્શનના પર્યાયોને વિશુદ્ધ કરીને તે સુલભબોધિતાને પ્રાપ્ત કરે છે. અને દુર્લભ બોધિતાની નિર્જરા કરે છે.

પ્રશ્ન ૫૮- હે ભગવંત! કાય સમાધારણતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર-કાય સમાધારણતા એટલે કાયાને સંયમની શુભ પ્રવૃત્તિઓમાં સમ્યક્ પ્રકારે જોડી રાખવું. કાય સમાધારણતાથી જીવ ચારિત્રની પર્યાયોને વિશુદ્ધ કરે છે. ચારિત્ર પર્યાયોની વિશુદ્ધિથી યથાખ્યાત ચારિત્રની વિશુદ્ધિ કરે છે. યથાખ્યાત ચારિત્રના વિશોધનથી જીવ કેવલી ભગવંતમાં વિદ્યમાન બાકી ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરે છે. પછી તે સિદ્ધ... બુદ્ધ... મુક્ત બનીને પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે. સર્વદુઃખોનો અંત કરે છે.

પ્રશ્ન ૫૯- હે ભગવંત ! જ્ઞાન સંપન્નતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર- જ્ઞાન સંપન્નતાથી જીવ ભાવોના બોધને પ્રાપ્ત કરે છે. જ્ઞાન સંપન્ન જીવ ચાર ગતિમય સંસારરૂપી વનમાં નાશ નથી પામતો. ભૂલો નથી પડતો. જેવી રીતે દોરા સહિતની સોય પડી જવા છતાં ખોવાતી નથી, તેવી રીતે શાસ્ત્રજ્ઞાન સહિતનો જીવ સંસારમાં ભૂલો પડતો નથી... ખોવાતો નથી.

શાસ્ત્રજ્ઞાન સહિત જીવ જ્ઞાન-વિનય-તપ અને ચારિત્રના યોગોને પામે છે અને સ્વસિદ્ધાન્ત-પરસિદ્ધાંતમાં વિશારદ થઈને પ્રામાણિક પુરુષ બને છે.

પ્રશ્ન ૬૦- હે ભગવંત ! દર્શન-સમ્પન્નતાથી જીવ શું પામે છે ?

ઉત્તર- દર્શન-સમ્પન્નતાથી જીવ ભવ ચક્રના હેતુરૂપ મિથ્યાત્વનું છેદન કરે છે. આગળના સમયમાં ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાતો નથી. તેથી તે અનુત્તર એવા જ્ઞાન-દર્શનથી આત્માને સંયોજીત (ભાવિત) કરે છે સમ્યક્ પ્રકારે ભાવિત કરીને વિચરે છે.

પ્રશ્ન ૬૧- હે ભગવંત! ચારિત્ર સમ્પન્નતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર- ચારિત્ર સમ્પન્નતાથી જીવ શૈલેશી એટલે મેરૂ પર્વતની જેમ નિષ્કંપ ભાવોને... અયોગીપણાને પ્રાપ્ત કરે છે. શૈલેશી ભાવને પ્રાપ્ત કરનાર અણગાર કેવલી ભગવંતમાં બાકી રહેલા ૪ અઘાતી કર્મોનો ક્ષય કરે છે. તે પછી તે સિદ્ધ બને છે... બુદ્ધ બને છે... મુક્ત બને છે... પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે... બધા દુઃખોનો અંત કરે છે.

પ્રશ્ન ૬૨- હે ભગવંત ! શ્રોતેન્દ્રિયના નિગ્રહથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર- શ્રોતેન્દ્રિયના નિગ્રહથી મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દો ઉપર રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી તે એના કારણે નવા કર્મ બાંધતો નથી અને પ્રથમ બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

પ્રશ્ન ૬૩- હે ભગવંત ! ચક્ષુરિન્દ્રિયના નિગ્રહથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ઉત્તર- ચક્ષુરિન્દ્રિયના નિગ્રહથી મનોજ્ઞ-અમનોજ્ઞ રૂપ પ્રત્યે થતા રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી એ કારણથી એ નવા કર્મ બાંધતો નથી અને પ્રથમ બાંધેલા કર્મોની નિર્જરા કરે છે.

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૨)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં **''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા''** અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ જુલાઈ-૨૩** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૫૦૦, રૂા. ૩૦૦** અને **રૂા. ૨૦૦** ના ઈનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૨૨) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે. આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. અવશ્ય લખશો...

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૨)''

**I નીચેના આપેલ પ્રશ્નોના જવાબ લખો : -**

**૧. કુન્તીદેવી હાલમાં ક્યાં છે ?**
**૨. રાજગૃહી નગરી ક્યા ગણધરની જન્મભૂમિ છે ?**
**૩. પાંડવોએ પૂર્વભવમાં કયો તપ કર્યો હતો ?**
**૪. ઉત્પાદપૂર્વમાં કેટલી ચુલિકા જણાવેલી છે?**
**૫. નાગફણા પાર્શ્વનાથનું જિનાલય કોણે બનાવ્યું ?**
**૬. ભીષ્મપિતામહે કોની પાસે દીક્ષા લીધી ?**
**૭. મહામંત્રી તેજપાલ ક્યા ગામમાં સમાધિમરણને પામ્યા ?**
**૮. રાજેમતીનો કેવલી પર્યાય કેટલો હતો ?**
**૯. નંદિવર્ધનના પત્નીનું નામ શું હતું ?**
**૧૦. ચરવલાની દાંડી ૨૪ અંગુલની શા માટે હોય છે.**
**૧૧. પ્રભુ દર્શને જતાં જિનમંદિરને જોતાં કેટલા ઉપવાસનો લાભ થાય છે ?**
**૧૨. દેવર્ધિગણીનું ગોત્ર કયું હતું ?**
**૧૩. ૮૦૦ ચોવિસી સુધી કોનું નામ અમર રહેશે ?**

૧૪. વીસમી સદીમાં શ્રી ગિરનારજી તીર્થનો ઉદ્ધાર કોણે કરાવ્યો?

૧૫. શેના પાપે કંડરિક મુનિ ડુબ્યા ?

૧૬. ૨-૩-૪ ઈન્દ્રિયવાળા જીવોને શું કહેવાય ?


૧૭. સાધુને વસ્ત્ર-પાત્ર વોહરાવી તીર્થંકર નામકર્મ કોણે બાંધ્યું ?

૧૮. શ્રી શાંતિનાથ પ્રભુના ચક્રાયુધ ગણધર ૩૨ પાટ પરંપરા સુધી સંખ્યાત ક્રોડ મુનિવરોની સાથે ક્યાં મોક્ષે ગયા છે ?

૧૯. વજસ્વામીના ગુરુ કોણ હતા ?

૨૦. તેજપાલ મંત્રી હાલમાં ક્યાં છે ?

|| ભરત બાહુબલીની સજ્ઝાયમાં આવતા ૫૩ મહાપુરૂષોમાંથી કેટલાક નીચેના કોઠામાં ગોઠવો.



# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૧)
## (ગતાંકના સાચા જવાબ)

I (૧) ૮ (૨) ૪ (૩) ૧૫ (૪) ૧૦ (૫) ૧૨ (૬) ૧૪ (૭) ૮૦૦ (૮) ૧૧ (૯) ૫૬ (૧૦) ૧૮ (૧૧) ૬૪ (૧૨) ૧૬ (૧૩) ૨૩ (૧૪) ૩૩ (૧૫) ૬૦૦ (૧૬) ૮૮૦ (૧૭) ૨૨ (૧૮) ૩૨ (૧૯) ૪૩,૨૦૦ (૨૦) ૧૪

II **A** (૧) પદ્માસન (૨) પર્યંકાસન (૩) વીરાસન (૪) વજ્રાસન (૫) ભદ્રાસન (૬) કાયોત્સર્ગાસન (૭) ગોદોહિકાસન (૮) ઉત્કટિકાસન (૯) દંડાસન.

**B** (૧) મહાદેવી (૨) મહાશતક (૩) મહાયક્ષ (૪) મહાસેન (૫) મહાપીઠ (૬) મહાભદ્રપ્રભુ (૭) મહાબલ (૮) મહાહરિ (૯) મહાશિર (૧૦) મહાકાલી

ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા ૧ ૨ ૧ માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ.

(૧) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ – મુલુંડ
(૨) શ્રીમતી કૌશલ્યા વિજય મોમાયા – સોલાપુર
(૩) શ્રીમતી મધુરી કિશોર ડાઘા – કોઇમ્બતુર
(૪) શ્રીમતી ગીતા ડી છેડા – મુલુન્ડ
(૫) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા – નવીમુંબઇ
(૬) શ્રીમતી હર્ષા વીપુલ ડાઘા –અમલનેર
(૭) શ્રીમતી વર્ષા કમલેશ શાહ– અમદાવાદ
(૮) શ્રીમતી ચંદ્રિકા ભૂપેન્દ્ર મોમાયા – નાસિક
(૯) શ્રીમતી દક્ષાબેન એન કોઠારી – ઘાટકોપર

**પ્રથમ વિજેતા**

**1) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ**
402, Manisha elite,
P K road,
New Aditi Hospital
Mulund (w) Mumbai - 80.

**2) શ્રીમતી મધુરી કિશોર ડાઘા**
'Kasturi' 3/4 Ram'sNagar,
P.N.Pudur
B/h.Bi-metalBearing
Coimbatore - 641041. TamilNadu.

**દ્વિતીય વિજેતા**

**1) શ્રીમતી ગીતા ડી. છેડા**
304, shreyans Apt.
Sarvodaya Parsasnath Nagar,
Jain Mandir road, Mulund (w) - 400 080.

**2) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા**
23, Lalka cottage,
Sector - 12,
Vashi - 400 703.

**તૃતીય વિજેતા**

**શ્રીમતી ચંદ્રીકા ભૂપેન્દ્ર મોમાયા**
**૩, વૃંદાવન સોસાયટી, રાહા કોલોની,**
**શરણપુર રોડ, નાસિક.**